

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

ખાયકી-કૌભાંડો સામે જરૂરી છે લાલ-લાઈટ!
ખાનગી સેનાઓ સામે જરૂરી છે લાલ-લાઇટ!
ધરો લાલ-લાઈટ જજો! કોર્ટમાં ચંચૂપાત સામે -
તોડ-ફોડના રાજકારણે જરૂરી લાલ-લાઈટ!

હાઈકુ

વીઆઈપીઓ,
પ્રતીક-જોખમનું -
લાલ-લાઈટ...
(દૂર રહેવું સારું!)

પ્રેમ ન હૃદય,
વ્યવહાર છે પૈસાનો -
રાજકારણ
(લાલ-લાઈટ, વિસ્તાર)

### ચિંતન

*નાર્યિષ્વજ્ઞા કાર્યા ॥*

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

યાચકની અવજ્ઞા ના કરો.

દુર્ભાગ્યે નિર્ધન અને અભાવગ્રસ્ત બની ત્યારે ત્યાં મદદની ભીખ માગવા આવેલ યાચકને કયારેય અપમાનિત કરી તગેડી ના મૂકો. કુદરતે, નિયતિએ એને હેરાન પરેશાન કરી નાખ્યો હોય, તો પછી એને સહાય કરવાને બદલે એની પરેશાનીમાં શા માટે વૃદ્ધિ કરવી??

યાચના કરવી એ સારી વાત નથી ગરીબીમાં ઉછીનું માગવું, પૈસા કે ખાવાનું માગવું એ અશોભનીય જ છે માણસે સ્વાશ્રયી પરિશ્રમી થઈ જીવવું જોઈએ - ઈશ્વર કીડીને પણ કણ આપે જ છે -

આમ છતાં જે આપી શકે એટલી શક્તિ ધરાવે છે એવા લોકોએ પોતાની શક્તિમુજબ યત્કિંચીત પણ દાત આપવું જ જોઈએ - કોઈને કદી 'ના' ન પાડો.

### સુવિચાર

- નારાજગી વાંઝણી હોય તો એમાંથી કોઈ સાર જન્મતો નથી, પણ જો નારાજગી સમજણી હોય તો જ કોઈ દિશા પ્રગટી શકે - **હિરેન આનંદપરા**
- સારા નેતાની વ્યાખ્યા : ધારે ત્યારે અચ્છા અચ્છા જુઠ્ઠાણા જે બેધડક બોલી શકે એ સારો નેતા - **ઈશિતા**
- સુખ એટલે સારી કમાઈ, સારી રસોઈ અને સારું સ્વાસ્થ્ય - **એસ. ભટ્ટાચાર્ય**
- અંદરની સચ્ચાઈ જાણી જાય અને પોતાના રહસ્યોનો પત્તો મેળવીલે એ ખરો સ્વતંત્રતાના ક્ષેત્રમાં આગંતુક જેવા છે - **વિલિયમ કૂપર**
- કેટલીક દુર્બળતાઓ જિજીવિષાને કારણે જન્મે છે તો કેટલીક ઉપર છલ્લા અભ્યાસને કારણે - **મુંબઈ સમાચાર**
- કોઈ ઘટના ઉપર ભગવાન પોતાનો સિક્કો સીધો લગાવવા માગતો નથી એટલે એ એને અકસ્માતના રૂપમાં બનવા દે છે - **સંત રોબિન**
- આજનું ઔષધ - એલચીના દાણા અને ખડી સાકર સરખે ભાગે લઈ અડધી ચમચી ઉમેરી ચાટવાથી આંખની બળતરામાં તરત રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ, નેતાઓ, અધિકારીઓ સ્વાગત, સન્માન અને રેલીઓ - એવોર્ડના ભખ્યા છે. સાચા જ્ઞાનીનો સ્વભાવ સહજ અને સરળ હોય છે સાદગી એમને ગમે.

મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનને બેલ્જિયમની રાણી એ હાર્દિક નિમંત્રણ આપી બેલ્જિયમ બોલાવ્યા. રાણીએ અમલદારો, અધિકારીઓ, મંત્રીઓને સૂચના આપી કે સૌએ આ મહાન હસ્તિનું શાનદાર સ્વાગત કરવાનું છે. રેલવે સ્ટેશન ઉપર અતિ સાદાં કપડાંમાં આઈન્સ્ટાઈનને કોઈ ઓળખી શક્યા નહિ. નિરાશ થઈ અધિકારીઓ મહેલમાં પરત ફર્યા.

થોડીકવારમાં આઈન્સ્ટાઈન બેગ ઉપાડી ચાલતા ચાલતા પૂછતા પૂછતા રાજમહેલે પહોંચી ગયા. અને પોતાના આગમનના સમાચાર મોકલ્યા. રાણી અને અધિકારીઓ સૌ ક્ષોભજનક થયા અને ક્ષમા માંગવા લાગ્યા અને બોલ્યા, 'માફ કરજો, અમારા અધિકારીઓ આપને સ્ટેશન પર લેવા સમયસર પહોંચેલા પણ આપને ઓળખી ન શક્યા, આપને અહીં બહુ અગવડ પડી હશે.'

આઈન્સ્ટાઈને સહેજભાવે સસ્મિત કહ્યું, 'અરે, મહારાણી આટલી નાની બાબત માટે આવું બધું કહેવાનું ન હોય. મને તો પગપાળા ચાલવું બહુ ગમે છે.' મહાન માણસોની મહાનતા તેમના નમ્રતામાં રહેલી છે.

# પાકિસ્તાન પાસે નૈતિક મૂલ્યો છે જ નહિ

**તંત્રીસ્થાનેથી...**

'પનામા પેપર્સ' નામે પ્રખ્યાત થયેલ વિશ્વભરના નેતાઓ અને ઉદ્યોગપતિઓના ગોપનીય નાણાકીય વહેવારની વિગતો દુનિયા તો ભૂલી ગઈ હોત પરંતુ નવાઝ શરીફના હરીફ ગણાતા ક્રિકેટર-નેતા, તહેરિકે ઈન્સાફ પાર્ટીના વડા ઈમરાનખાને એ મુદ્દે પાકિસ્તાનની અદાલતનાં દ્વાર ખખડાવતાં પાકિસ્તાનના વડાપ્રધાન નવાજ શરીફ માટે માઠા દિવસો શરૂ થયા છે. અદાલત આખરે અદાલત છે અને ભારતીય ઉપખંડને તો અદાલતો બ્રિટીશ રાજની વારસાઈ લેખે મળેલ છે. પાકિસ્તાનમાં તો લોકતંત્ર ખોડંગાતું રહ્યું છે છતાં અદાલતોનો વક્કર અકબંધ રહ્યો છે અને તેનો પ્રભાવ ઝુલ્ફીકાર અલી ભુટ્ટોની ફાંસીથી લઈ વર્તમાન વડાપ્રધાન મિયાં નવાઝ શરીફ સામેની કાર્યવાહી સ્વરુપે જોઈ શકાય છે. નવાઝ શરીફ સંભ્રાન્ત જાગીરદાર અને વેપારી પરિવારનું ફરજંદ છે - એથી સ્વાભાવિક છે કે એમની પાસે અઢળક સંપત્તિ હોય, જે પૈકી ઘણી તો વડીલોપાર્જિત હોય. પરંતુ પાક નેતાઓ સામે હરહંમેશ આર્મીથી લઈ અદાલત અને આઈએસએસ જેવી ખૂંખાર ગુપ્તચર સંસ્થાની લટકતી તલવાર રહેતી હોઈ તેઓ વૈકલ્પિત આશ્રય સ્થાનો લેખે યુરોપના દેશોમાં કાં તો સાઉદી અરબ જેવા ખાડીના દેશોમાં પગપેસરો ચાલુ રાખવામાં જ સલામતી સમજતા રહ્યા છે. નવાઝ શરીફના પૂર્વસૂરિ જનરલ મુશર્રફ કે ભુટ્ટો પરિવારે જિંદગીના દાયકાઓ આવો સ્વૈચ્છિક દેશવટો ભોગવેલો છે. નવાઝ શરીફ અને એમના પુત્રોએ પણ પ્રતિકૂળ સંજોગોમાં દેશ બહાર રહેવાની વ્યવસ્થા ગોઠવી હય તો એમાં કશું જ નવાઈ પામવા જેવું ન ગણાય. પરંતુ ઈમરાનખાનની રીટ પર હવે જયારે પાક અદાલતે નવાઝ શરીફ સામેના આરોપોની સમયબદ્ધ તપાસનો આદેશ જારી કર્યો છે ત્યારે એનું છેલ્લું પરિણામ કેવું હશે તે તો સમય જ કહેશે. પાંચ જજોની બેન્ચે પૈકી ત્રણ નવાઝ શરીફની તરફેણ કરતા હોય તો પણ બાકીના બે ન્યાયાધીશોએ તો એમને અપ્રમાણસર સંપત્તિ બાબતે ગુનેગાર ઠેરવ્યા જ છે. આવા સંજોગોમાં નૈતિક ધોરણે નવાઝ શરીફે તપાસ પૂરી થાય ત્યાં સુધી વડાપ્રધાન પદેથી રાજીનામું આપી મૂઠી ઉંચેરા લોકનેતા તરીકે પોતાની ઈમેજ પુનઃ પ્રસ્થાપિત કરવાની તક હતી જ. નવાઝ શરીફ જાણે છે કે એક વાર ખુરશી છોડી દીધા પછી એ ફરી મળવી અઘરી છે. વળી સત્તાસ્થાને રહીને તેઓ પોતાની અને પરિવાર સામેની તપાસને સાનુકૂળ વળાંક આપી શકે એમ છે. આથી વડાપ્રધાન પદે ચાલુ રહીને એમણે પાક સુપ્રીમ કોર્ટના આદેશને આવકાર્યો છે. પાકિસ્તાનનાં કાયદાનું શાસન ચાલે છે એવી વૈશ્વિક છાપ ઊભી કરવાની કોશિશ થઈ રહી છે. જો કે ખુદ નવાઝ શરીફ અને ઈમરાનખાન પણ સાચી હકીકત તો સમજે છે. જે દિવસે આર્મી અને આઈએસઆઈ વીફરશે તે દિવસે ચૂંટાયેલી સરકાર, વિપક્ષ કે અદાલત - ત્રણે શોધ્યાં નહીં જડે. અગાઉ આવી ઘટનાઓ બનતી રહી છે એટલે પાકિસ્તાનની કહેવાતી લોકશાહીને આ બધું કોઠે પડી ગયું છે.

# મહાત્મા ગાંધીના કરકસરના પ્રયોગો



**ગાંધી ૧૦૦**
ડો. રાજેન્દ્ર જાની

> ગાંધીજી કરકસર માટેની તક જાતે જ ઊભી કરતા હતા

મોટા માણસો વાત ડાહ્યા હોય છે. એક વખત સમાજ સમાજ તેને કોઈ પદ કે પ્રતિષ્ઠા સાથે સ્વીકારી લે એ પછી આ 'મોટા' માણસો વાતો સારી કરે અમલમાં વ્યક્તિગત કક્ષાએ પણ શૂન્યતા હોય છે પણ જયારે મહાત્મા ગાંધીની વાત કરીએ તો વિચાર અને અમલમાં પણ તેમની મોટપ હંમેશા જોવા મળતી હતી. ગાંધીજીએ જીવનભર તેમની સમક્ષ આવેલા અઘરા પ્રશ્નોને ઉકેલવા પર ધ્યાન આપ્યું હતું. તો પ્રમાણમાં સાવ નાની વાત હોય એવું પણ નિરાકરણ એ લાવવા માટે તત્પર રહેતા હતા.

ગાંધીજી એવા સવાલો કે જેને આપણે ખૂબ નાના ગણતા હોઈએ તેનો ઉકેલ લાવવા માટે પ્રયત્નશીલ રહેતા હતા. ગાંધીજીના આ વ્યવહાર પાછળ તેમની દલીલ એવી રહેતી હતી કે 'જરા અમથી ચિનગારીથી આખું નગર ભસ્મીભૂત થઈ શકે છે. એટલા માટે એમના મને નાની નાની વાતોને પણ મહત્ત્વ આપતા હતા.'

આપણી દષ્ટિએ તો સાવ ક્ષુલ્લક કહી શકાય એવો પ્રસંગ જોવા જેવો છે. પ્રસંગછે દિલ્હીના હરિજન નિવાસનો, ત્યાંથી ઉદ્યોગશાળાના વિદ્યાર્થીઓ શાકભાજી સમારી રહ્યા હતા. ગાંધીજી ત્યાંથી પસાર થતા હતા અને તેમની નજર આ ત્રણ વિદ્યાર્થીઓ ઉપર પડી. એ ત્યાં ઊભા રહી ગયા. એક છોકરાના હાથમાંથી તેમણે છરી લીધી અને તરત શીખવાડવા લાગ્યા કે શાક આ રીતે સમારાય. છોકરો શાકભાજીનો છાલ પોતાની તરફ નહીં પરંતુ બહારની તરફ ઉતારતા હતા. ગાંધીએ છાલ કેવી રીતે અને કયાં ઉતારાય એ શીખવ્યું હતું. એક જરૂરી કામે બહાર જવાનું હોવા છતાં ગાંધીજી આ કામમાં રોકાય ગયા એટલે ગાંધીજીને મહાદેવભાઈ દેસાઈએ કહ્યું : 'બાપુ આ રીતે શાકભાજી છોલવા-કાપવાનું મોડું થશે, આપણું એ કામ વધારે અગત્યનું છે.'

ગાંધીજી પ્રત્યુત્તર આપતા કહે છે. 'મહાદેવ આ પણ એક મહત્ત્વનું અને જરૂર કામ છે. આ તો બહુ મહત્ત્વનું એવું બુનિયાદી કામ છે. આવા કામોની બુનિયાદ ઉપર જો માનવીનું ઘડતર થાય તો જ મજબૂતીથી આપણે ઊભા રહી શકીએ. ગાંધીજીનો આ દૃઢ જવાબ દર્શાવે છે કે તેમના માટે દરેક કામ મહત્ત્વના હતા અને બુનિયાદી કામ શીખવવાનું કામ એ સત્ય અગત્યના કામ જેટલું જ મહત્ત્વનું છે.'

એક-એક પાઈનો હિસાબ અને પ્રજાના પૈસાનો વિવેકપૂર્ણ ઉપયોગ એ ગાંધીના આંદોલનની વિશેષતા હતી. ગાંધી કંજૂસી નહોતા કરતા પણ કરકસરની એક પણ તક જતી કરતા નહીં, તક જતી કરતાં નહીં એમ કહેવું પણ ગાંધીના સંદર્ભે ખોટું કહેવાય એમ છે. બલ્કે કરકસરની દષ્ટિ એમ કહી શકાય કે ગાંધી કરકસર કરવા માટેની તક ઊભી કરતા હતા!

ગાંધીજીના અનુયાયી વિયોગી હરિ તેમના પુસ્તક 'ગાંધીજી ઔર ઉનકે સપને' પુસ્તિકામાં કરકસરનો એક નાનકડો પ્રસંગે નોંધે છે. તેઓ લખે છે ગાંધીજી પાસે પેન્સિલનો એક નાનકડો ટુકડો હતો. નાનો એટલો એવડો નાનકો કે ચપ્પાથી એની અણી કાઢવાનું કામ પણ મુશ્કેલ હતું. તેમ છતાં બાપુ એનાથી લખતા રહેતા હતા, કંઈ કેટલાંય દિવસોતી, એક સાથીએ તેમને તે વખતે આ પેન્સિલ છોડવા કહ્યું, 'બાપુ, હવે તો આને છોડો, આવડા અમથા ટુકડાથી આપ કયાં સુધી એની પાસે લખવાનું કામ લેતા રહેશો ? બાપુએ હસતા હસતા જવાબ આપ્યો : 'જયાં સુધી મારી આંગણી પેન્સિલના ટુકડાને પકડી શકે.'

બાપુએ લખ્યું છે જો મારી પાસે હાસ્યના હોય તો હું ઘણાં વર્ષો પહેલા ગાંડો થઈ ગયો હોત. ગાંધીએ તેમના હાથવગા હથિયાર હાસ્યના સહારે નાના મોટા અનેક સવાલોને ઉકેલી બતાવ્યા હતા.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# 'સરોદ'ની સ્મૃતિની મીઠી સુગંધ



**ક્ષણના ચણીબોર**
વી. એસ. ગઢવી

એપ્રિલ માસના આકારા તાપમાં 'સરોદ'ના ભાતીગળ સર્જનોની પંકિતઓ અનેરી શીતળતાનો અનુભવ કરાવે છે. ૨૭ જુલાઈ-૧૯૧૪ના રોજ જન્મેલા આ કવિ ૧૯૭૨ની નવમી એપ્રિલે અચાનક જ 'એક્ઝીટ' કરી ગયા. સ્વસ્થ જીવન જીવતા આ ન્યાયધિશ કવિને મૃત્યુનો આભાસ આગળથીજ થયો હશે ? કવિ લખે છે :

ઊઠતી બજારે હાટ હવે કેટલો વખત ?
વહેવારના ઉચાટ હવે કેટલો વખત ?
કાનાએ કાંકરી હવે લીધી છે હાથમાં
અકબંધ રહેશે માટ હવે કેટલો વખત ?
'ગાફિલ' તમારો ઘાટ ઘડાવાની છે ઘડી,
ઘડશો ઘણેરા ઘાટ હવે કેટલો વખત ?

જીવનની આવી ક્ષણભંગુરતાનો આભાસ 'સરોદ' ની જેમ 'કલાપી' ને પણ કદાચ થયો હશે. આથીજ તેઓ ભ્રમરના મુખે પુષ્પને સંદેશ આપે છે :

અરે આ સ્વપ્ન ટૂંકુ છે
હું ગુંજી લઉં તુ ખીલી લે !

કવિ કલાપી કે સરોદ સાહેબને ભલે આ જીવન એક ટૂંકા સ્વપ્ન જેવું લાગેલું હોય પરંતુ તેઓ જીવનને ભરપુર માણીને તથા ચાહીને આ જગતમાંથી ગયા છે. ખરા અર્થમાં ભાતીગળ તથા અર્થસભર જીવન જીવીને કવિ સીધાવ્યા. ભાષાકર્મના છેલ્લા શ્વાસ સુધી ઉપાસક રહેલા કવિ સરોદ સદેહે આપણી વચ્ચે નથી તેનો રંજ છે. પરંતુ તેઓ જે શબદપુષ્પોનો બાગ મૂકીને ગયા છે તે સદાકાળ મઘમઘતો રહે તેવો સમૃધ્ધ અને હર્યોભર્યો છે. કવિની જન્મ શતાબ્દી (૧૯૧૪)ના વર્ષમાં તેમની સ્મૃતિને તાજી કરીને અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. કવિએ જે ભવ્ય તથા ભાતીગળ વ્યોમનું દર્શન તેમના જીવનમાં કરેલું છે તે સૌને ઉપલબ્ધ છે. પરંતુ તે માટે આ કવિની દ્રષ્ટિએ દર્શન કરવાની પૂર્વશરત છે. કવિને પોતાના આ વ્યોમની ભારે મહત્તા છે અને તેથીજ તેને કવનમાં ઢાળીને અહોભાવપૂર્વક લલકારે છે.

ઓહો મારું વ્યોમ !
સૂર તુલસી કબીર ધનો
દાદુ ને રઈદાસ,
નરસી મીરાં દયા અખો
અજવાળે આકાશ,
કોઈક ચમકે સૂરજ જેવા
કોઈક જાણે સોમ !
ઓહો મારું વ્યોમ !

જે કવિએ આવા બધા મર્મજ્ઞોની ઝળાહળા થતી જ્યોતના દર્શન કર્યા છે તેમની વાણીમાં ચીનગીરી ન પ્રગટે તેવું કેમ બને ? અલખના અંબારને કવિએ આકંઠ માણ્યો છે. કવિના કાવ્યોમાં જે શબ્દો પ્રગટ થયા છે તેમાં સ્વામીદાદા (સ્વામી આનંદ) કહે છે તેમ "ઘૂંટેલી ભાષાનું ઊંડાણ" છે. કવિના શબ્દો અંતરની આરતમાંથી ઉઠ્યા છે અને સાહિત્ય જગતમાં પ્રસર્યા છે તેમજ છવાયા છે. આખરે તો જે અંદરથી ઊગે છે તે જ ભાવકોના હૈયા સોંસરવું જાય છે. કવિ રાજેન્દ્ર શુક્લના સુંદર શબ્દો યાદ આવે.

હૈયુ જો હેલે ચડે ગાણું તો જ ગવાય
જે અંદરથી ઉઘડે તે સોંસરવું જાય.

કવિ 'સરોદ' ના ઉપનામથી ભજનો અને 'ગાફિલ' ના ઉપનામથી ગઝલો લખતા હતા. સર્જનની આ બન્ને પ્રકારની રચનાઓમાં કવિએ પોતાની અલગ ભાત ઊભી કરેલી છે. ન્યાયધિશ તરીકે અનેક સ્થળોએ સેવા આપ્યા બાદ ૧૯૭૨ થી અમદાવાદની સ્મોલ કોઝ કોર્ટમાં જજ તરીકે કામ કરતાં હતા. કોલેજના અભ્યાસકાળ દરમિયાનજ તેમનું કાવ્યસર્જન શરૂ થઈ ગયુ હતું. કાયદાના આ અભ્યાસુ જજની અંતરની ઊંડી શ્રધ્ધા પરમપિતા પરમેશ્વર તરફ સ્થિર થયેલી હતી. કવિના શબ્દોમાં આવી પ્રભુ-નિષ્ઠા સુંદર શબ્દોમાં વ્યકત થઈ છે.

મારો રોડવનારો રામ
સારું – નરસું કાંઈ ન જાણું,
જાણું ન એનું દામ રે,
મારો રોડવનારો રામ.

જગતનિયંતાને જીવનની તમામ ગતિવિધિઓના ચાલકબળ તરીકે કવિએ નિહાળ્યા છે. આથી આ કુદરત સર્જીત ઘટમાળની કોઈ ઘટના તરફ કવિને વિશેષ ભાવ કે કુભાવ નથી. જે સ્થિતિ છે તેનોજ આભારવશતાથી સ્વીકાર છે. કવિ અસ્વીકારના નહિ પરંતુ સ્વીકારના માણસ છે.

અમને ભલા શું હોય
ખુશી, હોય યા ગમી ?
એણે દીધી, સ્વીકાર કર્યો
એ દશા ગમી, કાંઠે ઉતરતાં કહેવું પડ્યું
વિશ્વસિંધુને, જીવન ગમ્યું,
જુવાળ ગમ્યો, જાતરા ગમી,

મધ્યયુગના ભજનીક સંતોને મેઘાણીભાઈએ "કવિભક્તો" કહ્યાં છે તે સર્વથા ઉચિત છે. આ સંતવાણીના સર્જકો તથા વાહકોજ ખરાં અર્થમાં મીરાં – કબીર અને નરસિંહના અનુગામીઓ હતા. ઊર્મિના ઊંડા આવેશથી તેમની રચનાઓ હરી ભરી રહી છે. કોઈ પ્રસિધ્ધિ કે કીર્તિ માટે તેમની કલમ ચાલી નથી. અખંડ ધણી સાથેના અનુસંધાન માટેની જ ભક્ત-કવિઓની આજીવન શબદ ઉપાસના રહી છે. ઘણાં સંત-કવિઓ સામાન્ય ગ્રહસ્થજીવન ગાળીને તથા પોતાની સાંસારીક જવાબદારીઓ પાર પાડતા પાડતા હરઘડી ભજન મસ્તીમાં રત રહેલા છે. આડંબર કે મોટાઈનો કોઈ ભાવ તેમના જીવન કે કવનમાં લેશમાત્ર જોવા મળતો નથી. આતમને જગાડતી તેમની વાણી કાળજયી છે. અલખ ધણીને પોતાની પૂજા સ્વીકારી લેવાની તેમાં આર્તવાણી છે. વીજળીના ચમકારે સંતવાણીના આ સર્જકોએ મોંઘેરા મોતી આતમ સૂઝથી પરોવ્યા છે. તેમણે જે શબ્દ થકી ઉપાસના કરી છે તેનો સૂર તો તેમને ભીતરથી પ્રાપ્ત થયેલો છે. દોરંગી દુનિયાની ગલીકૂંચીમાં આ સર્જક ભૂલો પડ્યો નથી. જગતના વ્યવહારોની કડવી-મીઠીનો કાવો કરીને આ સર્જકોએ હોંશભેર પીધો છે. સરોદ સાહેબ લખે છે :

દુનિયા દોરંગી એને દવલી ન લાગે
એ તો મોતનોય કરતો મલાવો
કહે છે કે દુનિયાની કડવી ને મીઠી ભાઈ
હોંશે પી જાવ કરી કાવો
હેજી ! મારે ભીતર બોલે કોઈ બાવો
સહુને કહે છે આવો આવો.

સરોદ પોતાની કેફિયત રજૂ કરતાં કહે છે કે તેમની ભજનવાણી કોઈ અવતારી પુરુષની પ્રેરણાથી થયેલી છે. પ્રભુની કૃપાદ્રષ્ટિથી ભજનો લખાયા છે તેવી દ્રઢ પ્રતિતિ ધરાવનારા આ સર્જક ભકિત અને શ્રધ્ધાના બળે જીવનમાં ચાલ્યા છે તથા સહજ રીતેજ મહોર્યા છે. 'સરોદ' આપણાં ભજનસાહિત્યના સદાકાળ જીવંત સર્જક છે. 'સરોદ'ની ભજનવાણીમાં ડૂબકી મારીને એક અનોખા આનંદની અનુભૂતિ થાય છે.

# ફિલિપ કલાર્કનાં કાવ્યો–ગઝલો ટેલીવિઝન પર



**સાહિત્ય વૃત્ત**
મૂળજીભાઈ પરમાર 'દધિ'

જીટીપીએલ - ગુજરાતી દ્વારા અવારનવાર ગુજરાતી કાવ્યો-ગઝલો રજૂ કરવામાં આવે છે. તાજેતરમાં ગુજરાતી કાવ્યો-ગઝલોનું 'કાવ્યરસ' કાર્યક્રમ અંતર્ગત રેકોર્ડીંગ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં કાવ્યો / ગઝલોનું પઠન કરવામાં આવશે, તેમાં ગાંધીનગર સાહિત્યસભાના કારોબારી સભ્ય અને ગઝલકાર કિશોર જીકાદરા દ્વારા ગઝલો અને ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય અને બાલસાહિત્યકાર તથા ગઝલકાર ફિલિપ કલાર્કના કાવ્યો / ગઝલોનું રેકોર્ડીંગ થયેલ છે; જેનું પ્રસારણ 'જીટીપીએલ - ગુજરાતી' દ્વારા - ચેનલ નં. ૬૦૯ ઉપરથી તા. ૨૩-૦૪-૨૦૧૭ ને રવિવારના રોજ સવારે ૯.૦૦ વાગે અને પુનઃપ્રસારણ તે જ દિવસે રાત્રે ૯.૦૦ વાગે કરવામાં આવશે. ગાંધીનગર સાહિત્ય સભા માટે આ ગૌરવની બાબત લેખાય. બંને કવિઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર તથા સમાજમિત્ર ચેરિટેબલ ટ્રસ્ટ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે; ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરના ૧૨૬માં જન્મદિવસની ઉજવણી નિમિત્તે 'સાહિત્ય અને જીવન પર ડૉ. આંબેડકરનો પ્રભાવ' એ વિષય પર એક દિવસીય સાહિત્ય વિચારગોષ્ઠિ કાર્યક્રમ તા. ૧૩-૪-૨૦૧૭ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સેકટર-૧૨ ખાતે યોજાઈ ગયો. જેમાં ઉદ્ઘાટનના અધ્યક્ષ તરીકે નિવૃત્ત આઈએએસ અને 'લક્ષ્ય'ના ચેરમેન એમ.બી. પરમાર અને સાહિત્ય સત્રના અધ્યક્ષ તરીકે ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના મેનેજિંગ ટ્રસ્ટી હરિશ મંગલમ્ બિરાજમાન હતી.

આ કાર્યક્રમની શરુઆતે દીપપ્રાગટયથી કરવામાં આવી. મહેમાનોનું શાબ્દિક સ્વાગત, સમાજમિત્ર ચેરિટેબલ ટ્રસ્ટના મેને. ટ્રસ્ટી અને સામયિક 'સમાજમિત્ર'ના તંત્રી રસીલાબેન પરમાર્ દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ મોંઘેરા મહેંમાનોનું પુષ્પગુચ્છ અને પુસ્તકપુષ્પથી સ્વાગત કરવામાં આવ્યું. સત્રનું ઉદ્ઘાટન ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના અધ્યક્ષ અને સાહિત્યકાર, ભાગ્યેશ જહા દ્વારા કરવામાં આવ્યું, જયારે ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને કવિ - પ્રવીણ ગઢવી દ્વારા ભૂમિકા બાંધવામાં આવી. ત્યારબાદ મહેમાનો દ્વારા 'સમાજમિત્ર'ના વિશેષાંક 'મારા જીવન અંધકારમાં આંબેજકરપ્રભા' અને 'ગાંધીનગર દલિત સાહિત્ય વિમર્શ મંચ'ના ઉપક્રમે પ્રકાશિત પુસ્તક 'આંબેડકર વિચાર'નો વિમોચન અને લોકાર્પણવિધિ કરવામાં આવ્યો. રમણ વાઘેલા અને બાલકૃષ્ણ આનંદ દ્વારા પ્રતિભાવો રજૂ કરવામાં આવ્યો. ઉદ્ઘાટન ભાગ્યેશ જહાના બે બોલ બાદ એમ.બી. પરમાર દ્વારા આધ્યક્ષીય પ્રવચન કરવામાં આવ્યું. આ ઉદ્ઘાટન સત્રની પૂર્ણાહૂતિપૂર્વ 'સમાજમિત્ર' ના કાર્યવાહક તંત્રી અને પત્રકાર નટુભાઈ પરમાર દ્વારા આભારદર્શન કરવામાં આવ્યું.

ત્યારબાદ સાહિત્યસત્રમાં જાણીતા દલિત સાહિત્યના સમીક્ષક ડૉ. નાથાલાલ ગોહિલ અને જાણીતા દલિત કવિ અરવિંદ વેગડા દ્વારા 'સાહિત્ય અને જીવન પર ડૉ. બાબાસાહેબ આંબેડકરનો પ્રભાવ' એ વિષય પર પ્રવચન આપવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સુપેરે સંચાલન અને પૂર્ણાહૂતિ પૂર્વેની આભારવિધિ પ્રવીણ શ્રીમાળી દ્વારા કરવામાં આવી.

● ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ દ્વારા 'આંબેડકરવાદી સાહિત્ય અને વંચિત સમાજ' વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય સેમિનાર તા. ૧૫-૧૬, ૨૦૧૭ના દિવસોમાં, હીરક મહોત્સવ હૉલ, ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે યોજાઈ ગયો. આ બે દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું ઉદ્ઘાટન સમારંભના અધ્યક્ષ ડૉ. પી.ડી. વાઘેલા દ્વારા કરવામાં આવ્યું, જેમાં ડૉ. રાજેન્દ્ર પ્રસાદ સિંઘ - આંતરરાષ્ટ્રીય ભાષાશાસ્ત્રી, ડૉ. મૃદુલ નિલે - મુંબઈ યુનિવર્સિટી, ડૉ. સૂરજ બડત્યા - આગ્રા યુનિવર્સિટી, ડૉ. રતિલાલ રોહિત - મુંબઈ યુનિવર્સિટી, ડૉ. સુરેશ તનવર - કવિ, તુષાર પરમાર - કર્મશીલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પ્રવીણ ગઢવી અને મહામંત્રી હરિશ મંગલમે સર્વેને આવકાર આપી સ્વાગત કર્યું હતું. આ ઉદ્ઘાટન બેઠક પછી, સમગ્ર ગુજરાતમાંથી ઉપસ્થિત રહેલ સંશોધનાર્થીઓએ પોતાના સંશોધન પત્રો રજૂ કર્યા હતા. આ બેઠકનું સંચાલન આટ્ર્સ એન્ડ કોમર્સ કૉલેજ, મોટા પોંઢા (વલસાડ)ના ડૉ. આશા ગોહિલે કર્યું હતું. બીજા દિવસે ૧૬-૪-૨૦૧૭ના રોજ સંશોધનાર્થીઓએ પોતાના સંશોધન પત્રો રજૂ કર્યા હતા. સમાપન સમારોહમાં ડૉ. રાજેશ મકવાણા, પ્રવીણ ગઢવી, હરીશ, મંગલમ્, અરવિંદ વેગડા, પથિક પરમાર અને મધુકાન્ત કલ્પિતે પોતાનાં વકતવ્યો આપ્યા હતા.

● ગાંધીનગર સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા દર વર્ષે સાહિત્યના વિવિધ સ્વરુપનાં પુસ્તકોને વર્ષના શ્રેષ્ઠ પુસ્તકો તરીકેનાં પારિતોષિક એનાયત કરવામાં આવે છે. જેમાં ટૂંકી વાર્તાના વિભાગમાં જાણીતા કોલમીસ્ટ, સાહિત્યકાર અને ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય રાઘવજી માધડના પુસ્તક 'પ્રેમ પછી...' સંગ્રહને વર્ષ ૨૦૧૫નું પારિતોષિક, જાહેર કરાયું છે, આ સંગ્રહની કથાઓ, તેમની લોકપ્રિય કૉલમ 'ધુમ્મસ'માં પ્રગટ થઈ હતી. આ ઉપરાંત લોકસાહિત્ય વિભાગમાં 'લોકવારતાની લ્હાણ' પુસ્તકને વર્ષ ૨૦૧૪નું પારિતોષિક જાહેર કરાયું છે. આ પુસ્તકમાં શૌર્ય, ખુમારી, દાતારી, દિલાવરી અને માનવતા જેવી મૂલ્યસભર કથાઓ સમાવિષ્ટ છે. તેમને અનેક પારિતોષિક પ્રાપ્ત થયેલા છે, જેમાં ખાસ કરી ગુજરાત સરકારનો 'સંતકબીર એવોર્ડ' તથા 'ઝવેરચંદ મેઘાણી એવોર્ડ' નો સમાવેશ થાય છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ.

● 'સાહિત્ય સંગમ' - સુરત અને 'સંસ્કાર વર્તુળ' - બારડોલીના સંયુક્ત ઉપક્રમે નાનુ બાપાના સાનિધ્યમાં હર્ષદ ત્રિવેદીના અધ્યક્ષપદે અને રવીન્દ્ર પારેખના અતિથિ વિશેષપદે કવયિત્રી સંધ્યા ભટ્ટના કાવ્યસંગ્રહ 'શૂન્યમાં આકાર' નું વિમોચન અને લોકાર્પણ કવિ વિવેચક ડૉ. દક્ષા વ્યાસના હસ્તે થયું હતું. કાર્યક્રમના સંચાલક શ્રીમતી રીના મહેતાએ ભૂમિકા બાંધી હતી. ડૉ. ભારતી રાણેએ પુસ્તકનો વિગતે પરિચય આપ્યો હતો. રવીન્દ્ર પારેખે આ સંગ્રહનું સટીક વિશ્લેષણ કર્યું હતું. પુસ્તકનું લોકાર્પણ કરતાં દક્ષાબેને કવિતાની ભાષા, કાવ્યની ગતિ અને કાવ્યની સુદૃઢ મુદ્દા અંગે ઉદાહરણો આપી સાહિત્યકાર આનંદ આપ્યો હતો. 'શબ્દ સૃષ્ટિ' ના પૂર્વ સંપાદક હર્ષદ ત્રિવેદીએ અધ્યક્ષીય પ્રવચન આપ્યું હતું.

- muljibhaidadhi@gmail.com